# કીર્તિની ઈચ્છા

— ધૂમકેતુ

એમ માણસ પાસે ઘણું દ્રવ્ય હતું. એનો સ્વભાવ દાનશીલ, એટલે એણે ધન વાપરવા માંડ્યું. પણ એના મનમાં થોડી લાલસા રહેતી. આ દાનધર્મનો કાંઈક બદલો, કીર્તિરૂપે કે મહત્તારૂપે, કોઈકરૂપે મળે તો સારું.

એના એક ગુરુ હતા. એમના ઉપદેશથી આ ભાઈ સત્કાર્ય કરવા પ્રેરાયા હતા.

ગુરુએ એના મનની નબળાઈ જાણી લીધી. એક દિવસ ગુરુએ એક પથ્થર એને ભેટ મોકલ્યો અને એ પથ્થર ઉપર લખ્યું, 'સત્કાર્યનો બદલો.' પેલો માણસ તો ગુસ્સે થઈ ગયો. તેણે તો જે ઘા કર્યો તે પથ્થર ગયો નીચે. 'સત્કાર્ય નો આ બદલા હોતો હશે?'. તે ગુસ્સામાં ને ગુસ્સામાં મોટેથી બોલી ઊઠ્યો.



એટલામાં ગુરુજી ફરતા ફરતા ત્યાં આવી ચડયા. તેમણે એને ધીમેથી કહ્યું : 'જો, ભાઈ ! કોઈ પણ પ્રકારના બદલાની ઈચ્છા, માણસમાં રહી ગયેલી પશુતાનો અંશ સૂચવે છે. પશુઓને પાળનારા શું

કરે છે એ તપાસો. જંગલી હિંસક પશુઓને હેળવનારા, પહેલાં તો એમને ખૂબ ગુસ્સે કરે છે, કે જેથી પાછળથી બતાવેલી પ્રીતિ બમણી લેખે લાગે. એટલે પહેલાં આ પથ્થર તમને મળ્યો. હવે એમાં શું સાર હતો તે કહું છું : એ પથ્થરમાં એક રત્ન હતું !'

'હેં ?'

'હા, અને તે પણ એક અદ્‌ભુત રત્ન હતું !'

એ સાંભળતાં તો પેલો માણસ એ રત્ન શોધવા માટે હવે આકાશપાતાળ એક કરવા લાગ્યો. એણે ખૂબ મથામણ કરી. પણ પછી પથ્થરનો પત્તો જ લાગ્યો નહિ !

ગુરુએ કહ્યું : 'રત્ન તો હવે મળવાનું હશે ત્યારે મળશે. પણ જેમ એ ખોવાયું, અને હવે જડતું નથી, તેમ તમારી પાસે મૂળ તો થોડીક સદ્‌વૃત્તિની મૂડી છે, એ જ રત્ન છે. જો કીર્તિની ઈચ્છામાં એ ગોટવાઈ જશે, તો કદાચ કીર્તિ મળશે, પણ જે રત્ન છે તે ખોવાઈ જાશે ! અને સાચવવાનું તો રત્ન છે ! તેં જોયું કે રત્ન ખોવાયા પછી મેળવવું મુશ્કેલ છે !'

પેલા માણસની આંખ ઊઘડી ગઈ. કીર્તિ મળે કે ન મળે એનું કાંઈ નહિ–સદ્‌વૃત્તિનો માર્ગ એનો પોતાનો બની જાય એ જરૂરનું હતું. એને ત્યારે એ સમજાયું કે હજી તો આ પાશેરામાં પહેલી પૂણી હતી.

■